# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા.૨૧-૧૦-૨૦૨૧, ગુરૂવાર



હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

### ઉત્તરાખંડમાં કુદરતની તબાહી

## અરવલ્લીના તમામ યાત્રાળુઓ સુરક્ષિત, પરિવારજનોની ચિંતામાં ઘટાડો

### બાયડ અને ભિલોડના યાત્રાળુઓ સાથે પરિવાર અને મિત્રો સંપર્કમાં

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૦ ઉત્તરાખંડમાં વાદળ ફાટ્યા જેવી સ્થિતિથી મંદીરમાં પાણી ઘૂસી ગયા છે. જેથી હજારો યાત્રાળુઓને જ્યાં હોય ત્યાં થોભી જવા અને યલો એલર્ટની ઘોષણા કરવામાં આવી છે. બાયડના ગિરિરાજ કેમ્પસમાં રહેતા રાજેન્દ્રકુમાર પ્રભાશંકર રાવલ અને નિવૃત્ત અધિકારી ચંદ્રકાન્તભાઈ બ્રહ્મભટ્ટ અને તેમનો પરિવાર પણ ચારધામની યાત્રાએ છે. તેઓએ ગાંધીનગર સમાચાર સાથેની સીધી મુલાકાતમાં સલામત હોવાનું અને વાતાવરણ ધીમે-ધીમે સ્વચ્છ થતું હોવાનું ટેલિફોનીક મુલાકાતમાં જણાવ્યું છે.જ્યારે ભિલોડા તાલુકાના નાપડાના ૪ યુવાનો બદ્રી-કેદારનાથની યાત્રા ઉપર છે અને તે પણ સલામત સ્થળે હોવાનું તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ પટેલ દ્વારા જણાવામાં આવ્યું છે. ગુજરાત સરકાર ઉત્તરાખંડ સરકાર સાથે રાજ્યના પ્રવાસીઓની સલામતી માટે સતત સંપર્કમાં હોવાનું જાણવા મળ્યું છે.



ચારધામની યાત્રા સ્થાનિક પ્રસાસન દ્વારા હાલ પૂરતી મુલત્વી રાખવામાં આવી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૦૦થી વધુ યાત્રાળુઓ ચારધામની યાત્રાએ ગયેલા છે. તે પૈકીના મોટાભાગના યાત્રાળુઓનો સંપર્ક થતાં હાલ સલામત સ્થળે હોવાનું જણાવતાં પરિવારજનો અને સ્થાનિક પ્રસાસની ચિંતામાં ઘટાડો થયો છે. બાયડ અને ભિલોડાના દસ યાત્રાળુઓ સલામત હોવાના અહેવાલ સામે આવ્યા છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર ભારે વરસાદના કારણે ચારધામ યાત્રા અટકાવી દેવામાં આવી છે. બદ્રીનાથ, કેદારનાથ સહિતના વિસ્તારોમાં જુદા-જુદા સ્થળે ગુજરાત અને જિલ્લાના યાત્રાળુઓ મિત્રો અને ટૂરગ્રુપ સાથે સલામત હોવાની જાણકારી મેળવી લેવામાં આવી છે. પાછલાં ૨૪ કલાક દરમિયાન નૈનિતાલ જિલ્લામાં વાદળ ફાટવાની ઘટનાથી કાઠગોદામ રેલ્વે સ્ટેશન સહિતના અનેક વિસ્તારોમાં ધોવાણ થવાની સાથે જાણીતા નંદા

## ઉત્તર ગુજરાતમાં એસટી કર્મીઓની હળતાળથી એકમ કસોટી આપનારા વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી

### ૨.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ એસટી બસ મારફતે અભ્યાસ માટે જાય છે

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૦ પોતાની પડતર માંગણીઓ ન સંતોષાતા તા.૨૦ ઓક્ટોબરની મધરાતથી એસટી કર્મચારીઓ હળતાળ ઉપર ઉતરશે તો આજે ગુરૂવારે એકમ કસોટી આપનારા ઉત્તર ગુજરાતના અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાથી વંચીત રહી જાય તેવી દહેશત ઉભી થઈ છે. એસટી કર્મચારીઓએ જે રીતે આંદોલનનું રણશીંગુ ફૂક્યું છે તે જોતાં સરકાર સાથેનો કર્મચારીઓની આરપારની લડાઈ હોવાના સંકેત મળી રહ્યા છે.

એસટી વિભાગના કર્મચારીઓ છેલ્લા કેટલાંય સમયથી પોતાની વિવિધ



માંગણીઓ માટે કર્મચારી સંગઠનો સાથે રાજ્ય સરકારમાં રજુઆત કરી ચૂકયા છે. વારંવાર આશ્વાસનની સોડમ આપી કર્મચારીઓના આંદોલનોને મંદ પાડવાના પ્રયાસમાં સરકાર સફળ રહી છે પરંતુ હવે વધતી મોંઘવારીમાં એસટી કર્મચારીઓ માટે પડતર માંગ ન સંતોષાય તો જીવનનિર્વાહ કરવો અત્યંત મુશ્કેલ બની શકે છે. એસટી વિભાગમાં કર્મચારીઓની અછતથી અસંખ્ય રૂટ બંધ કરવાની નોબત અને કર્મચારીઓ ઉપર વધુને વધુ કામનું ભારણ આવતા કર્મચારીઓની શારીરિક ક્ષમતાને મોટું નુકસાન થઈ રહ્યું છે. સરકાર આફતમાં હોય ત્યારે એસટી કર્મચારીઓએ પોતાના જીવનની પરવાહ કર્યા વગર એસટી બસ દોડાવી કામગીરી કરી હતી છતાં એસટી કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવામાં સરકાર છેલ્લા લાંબા સમયથી છેલ્લા પાટલે બેઠા જેવી સ્થિત છે. આ સંજોગોમાં હવે સરકારને પ્રશ્નોના ઉકેલ માટે કર્મચારી યુનિયન કોઈ તક આપવા માંગતુ નથી અને તા.૨૦ની મધરાત સુધીમાં પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવે તો આજ સવારથી એસટી કર્મચારીઓ બસનાં પૈડાં થંભાવી દેશે જેના કારણે ઉત્તર ગુજરાતમાં એક જ દિવસમાં કરોડોની આવક ગુમાવાની સાથે એકમ કસોટી આપનારા વિદ્યાર્થીઓનું ભાવી પણ ગામડાની લાઈફલાઈન એસટી સેવા બંધ થતાં અંધકારમય બનવાની દહેશત સેવાય છે.

### આજે અરવલ્લી મેઘરજના કસાણા ખાતે રાત્રી સભા

આજે અરવલ્લી જીલ્લાના મેઘરજના કસાણા ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં સાંજે ૦૦.૦૬ કલાકે રાત્રી સભાનું આયોજન કરાયું છે.

જેમાં મોડાસા પ્રાંત અધિકારીશ્રીએ મોડાસાએ, મામલતદારશ્રી મેઘરજ તથા તાલુક વિકાસ અધિકારીશ્રી મેઘરજને આ બેઠકની આનુષાંગિક તમામ વ્યવસ્થા જેવી કે સ્થળ, બેઠક વ્યવસ્થા, સાઉન્ડ સિસ્ટમ વગેરે કરવાની રહેશે. જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ કોવીડ-૧૯ પ્રોટોકોલનું પાલન કરાવવાનું રહેશે. અન્ય અધિકારીશ્રીઓએ પોતાના વિભાગને સબંધિત કસાણા ગામ બાબતે તમામ રજુઆતો, પ્રશ્નો તેમજ ગામ ખાતે આપવાપાત્ર લાભો, મંજૂરીઓ કે હૂકમો સબંધિત કાર્યવાહી રાત્રી સભા અગાઉ પૂર્ણ કરવાની રહેશે.

## શેષ ફી ની આવક બંધ થતાં અનેક કર્મચારીઓ છુટા થવાની નોબત

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૦ શેષ ફી ની આવક બંધ થતાં જિલ્લાના ૧૩ માર્કેટયાર્ડની આવકમાં અગાઉના વર્ષો કરતાં ચોંકાવનારી રીતે આવક ઘટી રહી છે. આવક ઘટતાં માર્કેટયાર્ડો આર્થિક સંકળામણમાં આવતા મિલકતો વેચીને ખોટ સરભર કરવી પડે તેવી સ્થિતિ ભવિષ્યમાં આવી શકે છે. શેષ ફીની આવક બંધ થતાં કર્મચારીઓના પગાર અનેક યાર્ડો માટે ભારરૂપ બન્યા છે તે જોતાં વર્ષ-૨૦૨૨ના આરંભે અનેક કર્મચારીઓની નોકરી જઈ શકે છે. લાખો રૂપિયા આપી નોકરી મેળવનારા કર્મચારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે.

જિલ્લાની સહકારી સંસ્થાઓમાં પાછલાં ૨૦ વર્ષથી મામકાઓને ગોઠવી દેવાની ફેશન થઈ ગઈ છે. અહિયા મેરીટ નહિ પરંતુ ડિરેક્ટરોના સગાં કે પછી ડિરેક્ટરોને લાખો રૂપિયા આપ્યા હોય તો જ નોકરી મળે અને તેમાં પોતાના ખેતર ધંધાની દેખરેખ રાખી શકે તેવા સ્થળે નિયુક્તિ આપવામાં આવે છે. પોતાની આગવી પ્રતિભાથી નોકરી મેળવી હોય તેવા ૨ થી ૫ ટકા માંડ કર્મચારીઓ હશે. પરંતુ હવે ભરતી માટે ખંખેરવામાં આવેલા પૈસાની સ્ફોટક વિગતો પ્રકાશમાં આવે તેવી પૂરી સંભાવના છે. જિલ્લાના માર્કેટયાર્ડોમાં ખેડૂતોનો ખેતપેદાશના ઓછા ભાવ મળી રહ્યા છે જેથી ખેડૂતો બહાર ખાનગી વેપારીઓને પાક વેચી પોષણક્ષમ ભાવ કરતા પણ વધુ ભાવનો ફાયદો ઉઠાવે છે તેથી અનેક માર્કેટયાર્ડોમાં ખેતપેદાશની આવક ઘટી રહી છે.

**જિલ્લાના ૧૩ માર્કેટયાર્ડની આવક ઘટતાં આર્થિક સંકળામણની સંભાવના : લાખો રૂપિયા આપી નોકરી મેળવનારા કર્મચારીઓની ઉંઘ હરામ**

જિલ્લાના કેટલાંક યાર્ડોમાં ખેતપેદાશનો સારો ભાવ મળતો હોય તો અન્ય યાર્ડોમાં મણદીઠ રૂપિયા ૩૦૦-૪૦૦નો ઓછો ભાવ આપી ખેડૂતોને લૂંટવાનો કારસો શરૂ કરવામાં આવ્યો છે. યાર્ડોના કેટલાંક વેપારીઓ સત્તાધીશોને ખરીદી લીધા હોય તેમ મનસ્વી રીતે હરાજીમાં ભાગ લેવા આવે અને ન પણ આવે. આવી સ્થિતિમાં અનેક યાર્ડોથી ખેડૂતો મોં ફેરવીને નજીકના યાર્ડોમાં ખેતપેદાશ વેચવા જઈ રહ્યા છે અને શેષ ફીની આવક બંધ થતાં અનેક યાર્ડો દેવાદાર બને તેવી સંભાવના વધતાં બોજારૂપ બનનારા કર્મચારીઓને ગમે ત્યારે નોકરીમાંથી રૂખસદ મળી શકે છે.

## દારૂનુ વેચાણ બેફામ : ૭ વહિવટદારોનું લીસ્ટ ગાંધીનગર પહોંચ્યું

### જિલ્લામાં દિવાળી નજીક આવતાં વહિવટદારો નંબર પ્લેટ વગરની કારમાં ફરતા થયા : બસમથકો નજીક બુટલેગરોને બોલાવી વાર્તાલાપ શરૂ

હિંમતનગર તા.૨૦

જિલ્લામાં ખાખી વર્દીના આર્શિવાદથી દારૂનું વેચાણ બેફામ શરૂ થયુ છે બુટલેગરો અને તેના કેરીયરોને કોઈનો પણ ભય રહ્યો નથી. દિવાળી નજીક આવતાં વહિવટદારો નંબરપ્લેટ વગરની નવીનકોર કાર લઈ એક ગામથી બીજે ગામ સીવીલ ડ્રેસમાં ફરતાં થયા છે બસમથકો નજીક ફોલ્ડરીયાને બોલાવી એકપછીએક બુટલેગરો સાથે મુલાકાત ગોઠવાય છે. જિલ્લાના બહુ પંકાયેલા ૬ વહિવટદારોનું લિસ્ટ ગાંધીનગર પહોચ્યાની ગરમાગરમ લોકચર્ચા છે.

વાત જાણે એમ છે કે અનેક નિષ્ઠાવાન અધિકારીઓની પીઠ પાછળ વહિવટદાર ચંડાળ ચોકડીએ પોતાનું પોત પ્રકાશવાની શરૂઆત કરી છે તેમાંય જિલ્લામાં બહુ પંકાયેલા અને શામળાજી નજીક ભુવાની મુલાકાત લેનારા વહિવટદારે જાણે કે આદેશ મેળવી લીધો હોય તેમ દિવાળી નજીક આવતાં બુટલેગરો અને કેટલાંક ગોરખ ધંધા કરનારાઓનો સંપર્ક શરૂ કર્યો છે. એકપછીએક ૬ વહિવટદારોએ પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, વાયવ્ય-નૈઋત્ય, અગ્નિ-ઈસાન ખૂણામાં પરિભ્રમણ શરૂ કર્યું છે. તેમાં પ્રથમ દિવસે ધારી સફળતા મળ્યા પછી બીજા દિવસે ફરી પરિભ્રમણ માટે નીકળ્યા પરંતુ ઉભરાણના કવેરીયા નજીક સાપ આડો ઉતર્યો અને પછી એકદિવસ માટે કઈ બરકત આવી ન હોવાનું જાણવા મળ્યું છે. પાસાંમાં ધકેલાયેલા બુટલેગરોએ વહિવટદારોને સુનાવ્યું હતું કે ઉપરથી તપાસ આવવાની હતી તે અમને કેમ ન જણાવ્યું જેથી અમારે તમને સાચવવાનો કોઈ મતલબ રહ્યો નથી. કેટલાંક બુટલેગરોએ વહિવટદારો કરતાં જિલ્લાના મધ્યબિંદુથી ૬૨ કિલોમીટર દૂરના અંતરે બેઠેલા બહાદુરોને સાચવવાનો નવો ગેમપ્લાન બનાવી તેનો અમલ શરૂ કર્યો છે. તાજેતરમાં કોરોનાથી મૃત્યુ પામેલા બુટલેગરના ત્યાં વહિવટદારનો મોબાઈલ રણક્યો અને જે માંગણી કરી તેમાં એવો જવાબ મળ્યો કે તે દારૂ વેચવાનો ધંધો કરતો હતો અનેક પરિવારોને બરબાદ કર્યા અને ઉપર ગયો છે જેથી તારે પણ ખીસાં ભરવા હોય તો ઉપર જા. તેવો સનસનાટી ભર્યો જવાબ મળતાં વહિવટદારોમાં આ મુદ્દો ચર્ચામાં છે જે બુટલેગર મરી ગયો હોય ત્યાં આ વર્ષે કોઈ માંગણુ કરવું નહિ તેવો નિર્ણય કર્યો છે. જિલ્લાના વહિવટદારોની રજેરજ જાણતાં એક જાગ્રત યુવાને વહિવટદારોની યાદી ગાંધીનગર મોકલી છે જેમાં સર્વે નં.૨૦૫, ૨૧૭, ૧૦૩ તેમજ પૂર્વ પટાના રોડ સાઈડના સર્વે નંબર. ૬૦૪, ૬૦૩ અને ત્રિકોણીયા ટુકડા સર્વે નંબર ૧૨/૧ સહિતની વિગતો પણ સક્ષમ સ્થાને પહોંચાડવાનું જાણવા મળ્યું છે.

## ઉત્તર ગુજરાતમાં દોઢ લાખ હેક્ટરમાં રાયડાનું વાવેતર થવાની ધારણા

ઉત્તર ગુજરાતમાં દિપાવલીના તહેવારો નજીકમાં છે ત્યારે ધીમે પગલે ઠંડી શરૂ થતાં ખેડૂતોએ રવિ ખેતીની તૈયારીઓ આરંભી છે. આ વર્ષે ૫ જિલ્લામાં દોઢ લાખ હેક્ટરથી પણ વધુ જમીનમાં રાયડાનું વાવેતર થવાની ધારણા ખેતી સૂત્રોએ વ્યક્ત કરી છે. આગામી ટૂંક સમયમાં જ ઠંડીની જમાવટ સાથે રવિ ખેતીનો પ્રારંભ થશે.

દર વર્ષે રવિ ખેતીની સીઝનમાં અનુકુળ ઠંડીના માહોલને કારણે રાયડાના પાકને મહત્તમ ફાયદો થવાથી પાક ઉત્પાદન વધતું હોય છે જેના કારણે વધુ ને વધુ ખેડૂતો છેલ્લા કેટલાક વર્ષોથી રાયડાના વાવેતર



તરફ વળ્યા છે. ઉત્તર ગુજરાતમાં ધીમા પગલે શિયાળાના મંડાણ થવા લાગ્યા છે. ખેતરોમાં તૈયાર થયેલ પાકની લણની પછી પાક ઉપજ વેચવા માટે માર્કેટયાર્ડોમાં ખેડૂતોનો ધસારો જોવા મળી રહ્યો છે. જ્યારે ખેતીમાંથી પરવારી ગયેલા ખેડૂતોએ હવે રવિ સીઝનની તૈયારીઓ આરંભી છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા પાટણ અને અરવલ્લી જિલ્લામાં વર્ષો વર્ષ રાયડાનું વાવેતર વધતું આવ્યું છે જેના કારણે આ વર્ષે દોઢ લાખ હેક્ટરથી પણ વધુ જમીનમાં રાયડાનું વાવેતર થવાની આશા છે. આ વર્ષે શિયાળા દરમ્યાન પાકને અનુરૂપ ઠંડીની જમાવટ રહી તો પાક ઉપજમાં ખેડૂતોને બખ્ખા પડી જશે.

## નાયકો પાસે હાલરડું ગવડાવવાનો પરંપરાગત અનોખો રિવાજ

પ્રાંતિજ તા.૨૦

પ્રાંતિજ ના તાજપુર કુઈ પંથકમાં દિવાળી ટાણે ક્ષત્રિય સમાજમાં જેની પહેલા ખોળા નો દીકરો દીકરી હોય તેના ઘરે નાયક સમાજ દ્વારા હાલરડુ ગવડાવવામાં આવે છે જેના ભાગરૂપે સગા સંબંધીઓ તેમજ ગ્રામજનોને આમંત્રિત કરી એકત્રિત કરવામાં આવે છે આ સમય નાયક ની ટીમ તબલા ભુંગળ જેવા વાજિંત્ર ના નાદ થી દીકરાને હાથમાં લઈ હાલરડુ ગવડાવાય છે તે સમયે દીકરાના મોસાળ પક્ષ ના મામા દર દાગીના તેમજ રોકડ રકમ વસ્ત્ર અને તાંબા પિત્તળ નું વાસણ જેવી ભેટ સોગાદ આપે છે ગ્રામજનો પણ ઢાલના રૂપે દક્ષિણા આપે છે ત્યારે આ દક્ષિણા નાયક પોતાના ચોપડામાં નોંધ કરી રાખે છે જે વર્ષો સુધી આ ચોપડામાં સંગ્રહ કરી રાખે છે નાયક કનુભાઈ ના જણાવ્યાનુસાર

ક્ષત્રિય કુળમાં જન્મેલા દીકરા નુ હાલરડુ ગવાય તે સુલક્ષણો અને હોશિયાર બને છે અને હાલરડું ગાઈને માતાજીના આશીર્વાદ પણ આપવામાં આવે છે ત્યારે દીકરાના માતા-પિતા દ્વારા નાયકની સારું દાન પણ આપવામાં આવે છે જેમાં નાયક ની ટીમ નવરાત્રી પછી ગામના ચાચર ચોકમાં માતાજી ની જાતર રમીને પગે બાંધેલો બળીયાદેવ તેમજ બહુચર માતાજી નો ઘૂઘરો છોડવામાં આવે છે ત્યારે તેમના ઘરાસ માં જેટલા ગામ હોય તેટલા ગામે આવી જાતર રમે છે અને પછી બીજા દિવસે ગામડાઓમાં હાલરડાની હોડ જામે છે અને છેલ્લી સમાજના તેમજ ગ્રામજનો ગોળ ખાઈ મોં મીઠું કરી છુટા પડે છે

## અરવલ્લીમાં જીલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં ન્યૂમોકોકલ કોંજુગેટ વેકસીનનો પ્રારંભ

બાયડ તા.૨૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે આજે છોટાઉદેપુર જીલ્લાના બોડેલીના અલ્હાદપુરા ખાતેથી ઁઝ્રફ વેકસીનેશનનો રાજ્યવ્યાપી ન્યુમોનિયાની રસી આપવાની શરૂઆત કરવામાં આવી. જીલ્લામાં ૨૦૦૦ ડોઝના જથ્થાની ફાળવણી કરવામાં આવી. બાળકને ન્યુમોનિયા તેમજ આયોજન કરેલ છે.ખાનગી ક્ષેત્રમાં બાળકોને રસી આપવા માટે મોટો ખર્ચ વહન કરવો પડતો હોય છે ત્યારે સરકાર દ્વારા બાળકોને વિનામૂલ્યે રસી આપવાની



પ્રારંભ કરાવ્યો હતો. સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ન્યૂમોકોકલ કોંજુગેટ વેકસીન-ઁઝ્રફ સરકારી હોસ્પિટલ,આરોગ્ય કેન્દ્ર,પેટા કેન્દ્રો,હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી વિનામૂલ્યે અપાશે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં જીલ્લા કલેકટરશ્રી ડો.નરેન્દ્રકુમાર મીના તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા ઉપસ્થતિ તેમજ તેમના માર્ગદર્શનથી જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ન્યુમોનિયા રસીકરણની શરૂઆત કરાઈ.

જેમાં આજથી બાળકોને મગજના તાવથી બચાવવા ન્યુમોનિયા રસી જરૂરી છે.

અરવલ્લી જિલ્લામાં આજે ૨૦ ઓકટોબરથી બુધવારથી ન્યુમોનિયાની રસી આપવાની શરૂઆત થઈ છે. જીલ્લામાં બાળકોને ન્યુમોનિયા જેવા ઘાતક રોગથી સુરક્ષિત કરવાની દિશામાં ન્યુમોનિયાની રસી આપવાની શરૂઆત કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના સમયે ન્યુમોનિયા થતો હોય છે ત્યારે બાળકોને આ ન્યુમોનિયા જેવા ઘાતક રોગથી સુરક્ષિત થાય તે દિશામાં સરકારે શરૂઆત થનાર છે.

આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો એ.વી નાયકે જણાવ્યું હતું કે ૦૬ અઠવાડીયા બાદ બાળકને પ્રથમ ડોઝ,૧૪ અઠવાડીયા બાદ બાળકને બીજો ડોઝ, અને ૦૯ માસના બાળકને બુસ્ટર ડોઝ આપવામાં આવે છે.તેમણે ન્યુમોનિયા તેમજ મગજના તાવથી બચાવતી ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન (પી.સી.વી) જિલ્લામાં બાળકોને રસી આપવા માટે વાલીઓને ખાસ અપીલ કરી હતી.

## અરવલ્લી મોડાસાના ભેરુંડા ખાતે વિશ્વ ઓસ્ટીયોપોરોસિસ દિવસની ઉજવણી

### મહિલાઓને ઓસ્ટીઓપોરોસિસ રોગથી બચવાના અટકાવ પગલાંથી માહિતગાર કરવામાં આવી

અરવલ્લી જીલ્લાના મોડાસાના ભેરુંડા ખાતે સંકલિત બાળ વિકાસ યોજના, અરવલ્લી દ્વારા હાડકા મજબૂત બનાવવા કેલ્શિયમ કેવી રીતે મેળવવું અને દૈનિક જીવનમાં બેસવા, ઉઠવાની કરવામાં આવ્યું. તેમજ તમામ બહેનોને સરગવાનો જ્યુસ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં



દ્વારા ૨૦ઓક્ટોબર ૨૦૨૧ના રોજ વિશ્વ ઓસ્ટીયોપોરોસિસ દિવસની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત ભેરુંડા ખાતે ગામની સો બહેનોની હાજરીમાં ફિજીઓથેરાપિસ્ટ ડો.ભૂમિ બેન પંડ્યા અને ડો. રાજવી પટેલ અને વજન ઉપાડવાની ટેવો કેવી રીતે સારી બનાવવી તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા બહેનોનું ૅં, અને સુગર લેવલ ચકાસવામાં આવ્યું, ઉપરાંત કેલ્શિયમની ગોળીઓનું વિતરણ લોક વિજ્ઞાન કેન્દ્ર અરવલ્લીનો પણ સાથ અને સહકાર મળ્યો તથા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓને ઓસ્ટીઓપોરોસિસ રોગથી બચવાના અટકાવ પગલાંથી માહિતગાર કરવાનો ઉદ્દેશ રહ્યો હતો.

## આકરૂન્દ ગામના આશાસ્પદ યુવાનનું માર્ગ અકસ્માતમાં મોત

### પ્રજાપતિ સમાજમાં શોક છવાયો

બાયડ,તા. ૨૦

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના આશાસ્પદ યુવાન પિયુષ ઈશ્વરભાઈ કચરાભાઈ પ્રજાપતિનું માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા પછી સારવાર દરમ્યાન મોત નિપજતાં પ્રજાપતિ સમાજમાં શોક છવાયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આકરૂન્દ ગામના પિયુષ પ્રજાપતિ ઈન્સ્યુરન્સ કંપનીમાં જોડાયેલા હતા. ગતરોજ બાઈક લઈ હિંમતનગર જઈ રહ્યા હતા ત્યારે ટેન્કરની ટક્કર વાગતાં રોડ ઉપર પટકાઈ પડવાથી માથા-કમરના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવામાં આવ્યા પરંતુ તબિયત વધુ ખરાબ જણાતાં વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા જ્યાં ગત રાત્રે સારવાર દરમ્યાન મોત નિપજતાં આકરૂન્દ ગામ-પંથકમાં શોક છવાયો હતો. બુધવારે સવારે સ્વર્ગસ્થની નિકળેલી અંતિમ



યાત્રામાં મોટો સમુદાય જોડાયો હતો. પરીવારજનોના કરૂણ કલ્પાંતથી વાતાવરણ ભારેખમ બન્યુ હતુ.